# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2563 ❖ જયેષ્ઠ પૂર્ણિમા ❖ 17 જૂન 2019 ❖ વર્ષ – 19 ❖ અંક – 02/03 ❖ સળંગ અંક - 230-31

## ધમ્મવાણી

वाचानुरक्खी मनसा सुसंवुतो,
कायेन च अकुसलं न कयिरा ।
एते तयो कम्मपथे विसोधये,
आराधये मग्गमिसिप्पवेदितं ।।

જે વાણીની રક્ષા કરે છે, જે મનથી સંયમી છે, જે શરીરથી પાપ–કર્મ નથી કરતો, જે આ ત્રણે કર્મેન્દ્રિયોને શુદ્ધ રાખે છે, તે જ બુદ્ધના બતાવેલા ધર્મનું સેવન કરી શકે છે.

-ધમ્મપદ

## દાનકથા

શુદ્ધ ધર્મચેતના થકી અપાયેલ દાન મહાફળદાયી હોય છે, જે આપણા બીમાર ચિત્તને નીરોગી બનાવે છે. કૃપણતા, કઠોરતા, કટુતા, સ્વાર્થપરકતા, સંકુચિતતા અને નીરસતાસભર ચિત્તને ઉદાર, મૃદુલ, કોમળ, સૌમ્ય, વિશાળ, પરમાર્થી અને સરસ બનાવે છે. આ જ તો ચિત્તની સ્વસ્થતા છે.

દાન આપવું ગૃહસ્થનો મૂળભૂત ધર્મ છે. આ દેશની પ્રાચીનતમ ધાર્મિક પરંપરામાં હરહંમેશ દાનનું વિશિષ્ટ મહત્ત્વ રહ્યું છે. જૂના દિવસોમાં સહુ ધનિક–સંપન્ન ગૃહસ્થ બૃહદ દાન–યજ્ઞોનું આયોજન કરતાં હતા. પુરાતનકાળના સદગૃહસ્થ, ઋષિ–મહર્ષિ, અષ્ટક, વાંક, વામદેવ, વિશ્વામિત્ર, જમદગ્નિ, અંગીરસ ભારદ્વાજ, વશિષ્ઠ, કશ્યપ, વ. સહુ દાનના મહાયજ્ઞ નિયમિત યોજતા હતા. પૂર્વકાળમાં મહારાજા વેશ્યંતર અને પશ્ચાત્કાળમાં મહારાજા હર્ષ જેવા મહાદાનીઓએ સર્વસ્વ દાનનો ઉચ્ચ આદર્શ સ્થાપિત કર્યો હતો. તેમની દાનચેતના અત્યંત ઉદાત્ત રહી હતી. સહુની દાનચેતના ઉદાત્ત હોવી ઘટે, નિર્મલ હોવી ઘટે. સમાજની વિશિષ્ટ રચના–વ્યવસ્થાને કારણે પ્રજાનું ધન રાજાઓ અને ધનપતિઓ પાસે સંગ્રહિત થતું રહે છે. આ ધન એક જ જગ્યાએ સંગ્રહિત રહે તો સ્થિર જળની માફક સડવા લાગે છે. સમગ્ર રાષ્ટ્રને અસ્વસ્થ બનાવે છે. વહેતા જળની માફક આવતું રહે અને જતું રહે તો તેની નિર્મળતા જળવાઇ રહે છે. આ સમજણથી દાન આપવાવાળો અનુચિત પરિગ્રહના દોષથી બચવા પોતાના સંગ્રહિત ધનને રાષ્ટ્રનું ધન માની સંવિભાગ અર્થે દાન આપતો હતો, જેથી આ એકત્રિત ધનનો સહુ વહેંચીને ઉપભોગ કરી શકે. આ સામ્યબુદ્ધિ સામાજિક સમૃદ્ધિની સમતુલા જાળવી રાખતી હતી અને તેને વિષમ હાનિમાં પરિવર્તિત થતા બચાવતી હતી. સંપન્ન દાતા પોતાની ધર્મબુદ્ધિ અને કર્તવ્યબુદ્ધિ થકી સમયાંતરે ધનનો સંવિભાગ કરતો રહેતો હતો. સામે કશું મેળવવાની ઇચ્છાથી નહીં, અન્યોને હીન ગણી પોતાના અહંભાવની પુષ્ટિ અર્થે નહીં. આ જ તો હતી, દાનની શ્રેષ્ઠતા. આ જ દાનની શુદ્ધતા હતી.

**विचेय्य दानं दातब्बं, यत्थ दिन्नं महत्फले ।।**

ધર્મબુદ્ધિ દ્વારા યથાયોગ્ય સમજી–વિચારીને આપવામાં આવેલું શુદ્ધ દાન મહાફળદાયી હોય છે. માટે, આપણે પણ ધર્મબુદ્ધિ દ્વારા સમજી–વિચારીને જ દાન આપતાં શીખીએ.

દાન બે પ્રકારનાં હોય છે :–

૧.વટ્ટમૂલક દાન, અર્થાત્ ભવચક્રમાં જકડી રાખવાવાળું દાન.

૨.વિવટ્ટમૂલક દાન, અર્થાત્ ભવચક્રમાંથી બહાર કાઢવાવાળું દાન.

સાચી ધર્મચેતનાવાળી વ્યક્તિ ભવચક્રમાંથી મુક્તિ આપવાવાળું દાન જ દે છે. ભવચક્રમાં બાંધવાવાળું નહીં. જેમ અન્ય સહુ કર્મ, તેમ જ દાન–કર્મ પણ ચિત્તની ચેતના થકી સારું કે ખરાબ તરીકે અંકાય છે. જેવી ચિત્તની ચેતના, તેવું જ કર્મ–બીજ હોય છે અને તેને અનુરૂપ જ પ્રકૃતિ ફળ નીપજાવતી રહે છે. ભવચક્રને કાપવાવાળું વિવટ્ટમૂલક ચિત્ત રાગવિહીન હોય છે, દ્વેષવિહીન હોય છે, મોહવિહીન હોય છે. આવા ચિત્ત સાથે અપાયેલ દાન જ વિવટ્ટમૂલક હોય છે. લોક ચક્રને છિન્નભિન્ન કરવાવાળું હોય છે. આવું દાન આપતી વેળા આપણે પોતાનો રંચમાત્ર સ્વાર્થ પણ નથી જોતા. દાન મેળવનારના હિત–સુખને જોઇને પ્રસન્ન થઇએ છીએ. જયારે આપણે અન્યની પ્રસન્નતા થકી મોદ પામીએ છીએ, ત્યારે આપણું ચિત્ત નિર્મલ થાય છે, મૃદુલ થાય છે. સ્વાર્થપરક સંકુચિતતા અને કઠોરતાથી મુક્ત થાય છે પરંતુ, દાન આપતી વખતે જો આપણે સ્વહિતના કોઇ ફળની કામના કરીએ તો તે રાગરંજિત ચિત્ત વટ્ટમૂલક જ હોય છે. ભવચક્ર બનાવવાવાળું જ હોય છે. આવી ચેતના સાથે અપાયેલ દાન ભવચક્ર વધારવાવાળું જ હોય છે. દાનના ફળસ્વરૂપ લૌકિક સુખ–વૈભવની કામના કરીએ. કીર્તિપથની કામના કરીએ, માન–સન્માનની કામના કરીએ, લાભ–સત્કારની કામના કરીએ, સ્વર્ગ–અપવર્ગની કામના કરીએ તો આ કામનાઓથી અભિભૂત ચિત્ત બંધનયુકત જ હોય છે. બંધનમુકત નહીં. આ દાનનું ફળ બાંધવાવાળું જ હોય છે, મુકત કરવાવાળું નહીં. માટે, રાગરંજિત ચિત્ત સાથે દાન આપવું ખરાબ છે. પરંતુ એથીયે ખરાબ છે, દ્વેષદૂષિત ચિત્ત થકી દાન આપવું. તે આપણા માટે એથીયે મોટા અનર્થનું કારણ બની જાય છે. ધર્મના નામે પાપ કમાવાની ક્રિયા બની જાય છે. આપેલું ધન તો ખોઇએ જ છીએ, સાથે જ અકુશલ ચિત્ત સાથે કરેલ કર્મ આપણા અમંગળ અને અકુશલનું પ્રયોજન બની જાય છે.

ઉદાહરણ દ્વારા સમજીએ કે આપણે દ્વેષચિત્ત સાથે કઇ રીતે દાન આપીએ છીએ ?

એક ભિક્ષુક મારા દરવાજે ઊભો ઊભો પોકાર્યા કરે છે. વડિલ, પૈસા આપો. વડિલ, પૈસા આપો. હું એના વારંવારના પોકારોથી કંટાળીને તેના તરફ પાંચ પૈસાનો સિક્કો ફેંકું છું, એ ખીજમાં કે બલા ટળે, તે સમયે મારું ચિત્ત ક્રોધ અને ઘૃણાથી ભરેલું છે.

કેટલાક લોકો કોઇ શાળા, હોસ્પિટલ કે આશ્રમ બનાવવા ફાળો એકઠો કરવા મારી દુકાને આવ્યા અને હું ગુસ્સાથી લાલચોળ થઇ બડબડ કરવા લાગું છું. ''ફાળો, ફાળો. જયારે જુઓ ત્યારે ફાળો. મુનિમજી, આપો એને પાંચ રૂપિયા અને પીછો છોડાવો.'' એ રૂપિયા અપાવતી વખતે મારું મન આક્રોશથી ભરેલું છે. અણગમતા ફંડફાળાવાળાથી તરત છુટકારો પામવા મન વ્યાકુળ છે.

કોઇ મંત્રી કે રાજનેતાએ મને પોતાના ઘરે કે ઓફિસે બોલાવી કહી દીધું છે કે અમુક ફાળામાં આટલા રૂપિયા આપવાના જ છે. મને એમાં જરાય રસ નથી. પરંતુ ભયને લીધે આપવા પણ પડશે. ન આપું તો આગામી કોટા, પરમિટ કે લાઇસન્સ નહીં મળે. મને કોક ઇન્કવાયરીમાં ફસાવીને મારો વેપાર બરબાદ કરી નાખશે. એવા ડરથી દાન આપું છું.

મારા કલ્યાણમિત્રે કહાવ્યું છે કે કોઇ સારા કામમાં તારે આટલું દાન આપવું જોઇએ. મારી ઇચ્છા તો નથી, પણ સંકોચના માર્યા આપુ છું. મારા અન્ય ભાઇઓએ કોઇ કામમાં દાન આપ્યું છે. મને એને માટે દાન આપવાની જરાયે ઇચ્છા નથી. પણ નહીં આપું તો મારી આબરૂ જશે, લોકો નિંદા કરશે, એવા ડરથી દાન આપું છું. મારા હરીફે કોઇ જગ્યાએ આટલું દાન આપ્યું છે, જેને લઇ તેની કીર્તિ વધી છે. એને લઇ મારા મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ. તેનો ગર્વ તોડવા, તેને નીચો દેખાડવા અહંકારગ્રસ્ત થઇને હું તેનાથી વધુ દાન આપું છું.

આ રીતે ખીજ, ચીડ, ઘૃણા, ભય, મલાજો, સંકોચ મારા અન્ય ભાઇઓએ કોઇ કામમાં દાન આપ્યું છે. મને એને માટે દાન આપવાની જરાયે ઇચ્છા નથી. પણ નહીં આપું તો મારી આબરૂ જશે, લોકો નિંદા કરશે, એવા ડરથી દાન આપું છું.

મારા હરીફે કોઇ જગ્યાએ આટલું દાન આપ્યું છે, જેને લઇ તેની કીર્તિ વધી છે. એને લઇ મારા મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ. તેનો ગર્વ તોડવા, તેને નીચો દેખાડવા અહંકારગ્રસ્ત થઇને હું તેનાથી વધુ દાન આપું છું. આ રીતે ખીજ, ચીડ, ઘૃણા, ભય, મલાજો, સંકોચ, હરીફાઇ, ઇર્ષ્યા, વૈમનસ્ય, દર્પ, અભિમાન, વ, દુર્મન–સભર ચેતનાપૂર્વક હું દાન આપું તો એ આપ્યા પછી તે યાદ કરી તેનો પસ્તાવો થાય અને મન મેલું થાય, તો આવું દુર્મન–ચેતનાપૂર્ણ દાન મારા માટે હિતકર તો ન નીવડે, બલકે, મારા અમંગળ, અહિતનું કારણ બને છે.

ધર્મચેતના સાથે કરેલ તમામ કર્મ મંગલકારી હોય છે. અધર્મચેતના સાથે કરેલ કોઇપણ કર્મ અમંગલકારી હોય છે. માટે, ધર્મચેતના સાથે આપેલ દાન મંગલકારી છે. અધર્મ–ચેતના સાથે અપાયેલ દાન અમંગલકારી છે. માટે જ સદા ધર્મચેતનાપૂર્વક જ દાન આપો. ધર્મચેતનાપૂર્વક આપેલ દાન દરમિયાન ચિત્ત ત્યાગભાવથી ભરેલ હોય છે. પરહિત, પરસુખનાં મોદભાવથી ભર્યું હોય છે. ત્રિકાલ પ્રસન્નતાથી ભર્યું રહે છે.

દાન આપતાં પૂર્વે આવા જ મોદકારી ભાવ જાગતા રહે છે. હું દાન આપીશ, મારા દાન થકી કેટલાયનું ભલું થશે, કેટલાયનું કલ્યાણ થશે. દાન આપતી વખતે પણ મન આ મુદિત ભાવોથી ઓતપ્રોત રહે છે કે હું દાન આપું છું, ગૃહસ્થ–ધર્મનું પાલન કરી રહ્યો છું. મારા આ દાન થકી લેનારનું હિતસુખ થશે. દાન આપ્યા પછી પણ મારું મન વારેવારે આવા ઉર્મિલ ભાવોથી થતું રહે છે કે અહો ! મેં ઉત્તમ ભોજનનું દાન આપ્યું, જે ખાઇને ; ઉત્તમ વસ્ત્રોનું દાન આપ્યું, જે પહેરીને; ઉત્તમ દવાનુ દાન આપ્યું, જે ગ્રહણ કરીને; લેનાર શરીર અને મનથી સ્વસ્થ અને સબળ થશે અને શીલ, સમાધિ, પ્રજ્ઞાનો અભ્યાસ કરી પોતાનું મંગળ સાધશે તથા અનેકોના મંગળનું કારણ બનશે. મેં આ કુટિર માટે દાન આપ્યું, જેમાં રહીને સાધક શીલ–સમાધિ–પ્રજ્ઞાનો અભ્યાસ કરશે. સમથ (એકાગ્રતાની સાધના) તથા વિપશ્યના સાધનાનો અભ્યાસ કરી નિર્વાણરસની સુખશાંતિનું આસ્વાદન કરશે અને અનેક લોકોની સુખશાંતિનું કારણ બનશે. મારા દાનનો પામવાવાળો કોઇ જીવનમુકત અરહંત અથવા અરહંત–પથનો અનુગામી કોઇ ધર્મભાવી સંતપુરૂષ જ બને તો મારું મન અસીમ આહ્લાદ–પ્રહલાદથી ભરાઇ ઊઠશે. અહો ! મારું સૌભાગ્ય છે કે મારા દાનથી આવો સંતપુરુષ કેટલોક સમય વધુ સબળ અને સ્વસ્થ રહીને જીવશે અને આનાથી કેટલાયનું કલ્યાણ થશે. આમણે મારું દાન સ્વીકારી મારા પર અસીમ અનુકંપા જ વરસાવી છે.

આ રીતે દાન આપતાં અગાઉ પણ અને આપ્યા પછી પણ આપનાર પોતાના ચિત્તને નિર્મલ પ્રસન્નતાથી ભરી દે છે અને તેને મંજુલ બનાવે છે.

**पुब्बेय दाना सुमनो, द दं चितं पसादये । दत्वा अत्तमनो होति, एसा यजस्स सम्पदा ।। (अंगुत्तरनिकाय २.६.३७ छळंगदानसुतं)**

દાન આપવાવાળો દાનની પૂર્વે સુ–મન હોય છે, આપતી વખતે ચિત્તને પ્રસન્ન–પ્રસાદ રસથી ભરે છે અને આપ્યા પછી ચિત્તને મુદિત કરે છે. આવી છે ધર્મચેતના સભર દાન–યજ્ઞની સુખ–સંપદા !

અનિવાર્ય સંજોગોને લઇ અંક ૨૩૦ તેના નિર્ધારિત સમય પર પ્રકાશિત ન થઇ શકયો. આ અંક ૨૩૦–૨૩૧ નો સંયુક્ત અંક ગણશોજી.

## ધમ્મકોટ કેન્દ્રનું ભૂમિપૂજન ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન

ધમ્મકોટ કેન્દ્રના નવા બનનારા ભવનનો શિલાન્યાસ અને ભૂમિપૂજન કાર્યક્રમ હાલમાં જ યોજાયું. સમગ્ર ટ્રસ્ટીગણ અને આચાર્યગણ સહિત ૧૦૦૦ થી ૧૧૦૦ સાધકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો.

શૂન્યાગાર તેમજ ધમ્મહોલનું ભૂમિપૂજન વરિષ્ઠ આચાર્યગણ ડો. સાવલા સાહેબ, પુષ્પાબેન સાવલા, જયંતિભાઇ ઠક્કરના માર્ગદર્શન હેઠળ થયું.

પ્રેરણાદાયક પ્રવચન ડો. સાવલા સાહેબ, પુષ્પાબેન તથા જયંતિભાઇએ આપ્યું. જેને લઇ સાધકોમાં ઉત્સાહનો સંચાર થયો. પરિણામે ધમ્મસેવામાં સક્રિય થવા સહુ સાધકોને પ્રેરણા મળી.

રાત–દિવસ ગરમી કે તડકાની પરવા કર્યા વિના સાધકો માટે વ્યવસ્થા ગોઠવામાં સહુ સહાયક બન્યા. સૌરાષ્ટ્રના ખૂણે–ખૂણેથી સાધકો આવ્યા કેન્દ્રના નિર્માણમાં બધા સાથે મળી સહાયક બનશું, એવો સંકલ્પ કર્યો.

કાર્યક્રમ આયોજનબદ્ધ અને સમયસર રહ્યો. મે મહિનાની ગરમી વાળી ભરબપોરે પણ પ્રસન્નતાસભર વાતાવરણ રહ્યું. મૈત્રીપૂર્ણ વાતાવરણ બની રહ્યું અને સાથે ભોજન બાદ સમાપન થયું.

## કાદવમાં કમળ ખીલ્યું-૨

**- ગતાંકથી શરૂ....**

તે તેને જોવા ગયો. પાછા આવીને મગધ નરેશ બિંબિસારને બધું વિવરણ કહી સંભળાવ્યું. બિંબિસાર ત્યાં સુધી ભગવાન બુદ્ધના સંપર્કમાં આવ્યો નહોતો. હાલમાં તે નવયૌવનના માદક જુવાળમાંથી પસાર થઈ રહ્યો હતો. રાજ્યસત્તાનો મદ તો હતો જ, કામ-મદ પણ કાંઈ ઓછો નહોતો. જ્યાં પણ કોઈ રૂપસુંદરીની વાત સાંભળતો, તેને પ્રાપ્ત કરવા માટે તે કામાતુર થઈ ઊઠતો. એક શાસકની અપાર શક્તિઓ હોય છે, પરંતુ તે તેના રાજ્ય સુધી જ સીમિત રહે છે. બીજા રાજ્યમાં તેનો પ્રવેશ પણ ખળભળાટ મચાવી દેવાનું કારણ બની શકે છે. આથી આવા સંજોગોમાં તે વેશ બદલીને પ્રવેશ કરતો હતો. અવંતિ રાજ્યની રાજધાની ઉજ્જૈન નગરીની જનપદ-કલ્યાણી (રાજ્ય-ગણિકા) પદ્માવતીની પાસે તે એવી જ રીતે છૂપા વેશે પહોંચ્યો હતો. ત્યારે તો તેને બીજાં અનેક મધ્યવર્તી રાજ્યોમાંથી પસાર થવું પડ્યું હતું. પરંતુ વજ્જી જનપદ તો પડોશમાં જ હતું. વૈશાલી રાજનગરી થોડા યોજનના અંતરે આવેલી હતી. તે કેટલાક સાથીઓની સાથે વેશ બદલીને વૈશાલી જઈ પહોંચ્યો અને તેની કિંમત ચૂકવીને તેણે એક રાત્રિ આમ્રપાલી સાથે વિતાવી. તેનાથી આમ્રપાલીને ગર્ભ રહી ગયો. તેણે આમ્રપાલીને પોતાનો સાચો પરિચય આપી દીધો હતો. આથી ગર્ભવતી થતાં આમ્રપાલીએ આ તથ્યનો સંદેશ મગધનરેશને મોકલાવ્યો. બિંબિસારે તેના ભરણપોષણ માટે જરૂરી ધન મોકલવાનો પ્રબંધ કરાવ્યો. સમય જતાં આમ્રપાલીને પ્રસવ થયો. તેણે એક બાળકને જન્મઆપ્યો. બિંબિસારના આ પુત્રનું નામરાખવામાં આવ્યું - વિમલ કૌંડિન્ય.

બિંબિસારે પદ્માવતીને આદેશ આપ્યો હતો કે પોતાના પુત્ર અભયકુમારને રાજગૃહના રાજમહેલમાં પાલનપોષણ માટે મોકલી આપે. પદ્માવતીએ એમ જ કર્યું. પરંતુ વિમલ કૌંડિન્ય પોતાની માતા આમ્રપાલી પાસે જ રહ્યો. બની શકે છે, મગધ નરેશે તેની માંગણી કરી હોય પરંતુ આમ્રપાલીને પુત્ર-વિયોગ સ્વીકાર્ય ન થયો હોય.

યુવાન થતાં વિમલ કૌંડિન્ય વૈશાલીમાં જ ભગવાન બુદ્ધના સંપર્કમાં આવ્યો. કહી શકાય નહીં કે વિમલ કૌંડિન્યને ભગવાન બુદ્ધ તરફ વાળવામાં બિંબિસારનો કેટલો હાથ હતો, જોકે તે પોતાના આખાય પરિવારને ભગવાનની શિક્ષાથી લાભાન્વિત જોવા માંગતો હતો. વિમલ કૌંડિન્ય રાજગૃહના રાજમહેલમાં ગયો નહીં. પરંતુ પોતાની માતાની સાથે વૈશાલીમાં રહ્યો. આથી અધિક સંભાવના એ છે કે તે વૈશાલીના જ કોઈ પરિચિતના માધ્યમથી ભગવાનના સંપર્કમાં આવ્યો હોય. ત્યાં સુધી વૈશાલીમાં ભગવાન બુદ્ધની ખ્યાતિ ખૂબ જ ફેલાઈ ચૂકી હતી. ધનધાન્યથી પરિપૂર્ણ વૈશાલી નગરી અને લિચ્છવી જનપદ એક વાર દુર્ભિક્ષ(દુકાળ)નો શિકાર બન્યાં. મોટી સંખ્યામાં ભૂખ્યાં અસહાય લોકો મરવાં લાગ્યાં. ભૂખથી મરનારની સંખ્યા એટલી વધી કે મૃતદેહો ઉપાડવાનું દુષ્કર થઈ પડ્યું. આખું શહેર સડેલી લાશોથી ભરાઈ ગયું. એનાથી અનેક રોગો ફેલાયા. આવી દયાજનક પરિસ્થિતિમાં વૈશાલીના રાજાઓએ રાજગૃહથી ભગવાન બુદ્ધને પોતાને ત્યાં આમંત્રિત કર્યા. સૌભાગ્યવશ વૈશાલીમાં તેઓના પગ પડતાં જ બધી વિપત્તિઓ વિનષ્ટ થઈ ગઈ. દુર્ભિક્ષ સુભિક્ષમાં પલટાઈ ગયો. નગર રોગમુક્ત બની ગયું. અન્ય ઉપદ્રવો પણ દૂર થઈ ગયા. લોકોએ રાહતનો શ્વાસ લીધો. આ ઘટનાથી વૈશાલીમાં ભગવાન બુદ્ધને ખૂબ જ પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ. તેમના પ્રત્યે અનેક લોકો શ્રદ્ધાળુ થયાં. ઘણાં લોકોએ તેમનું શરણ ગ્રહણ કર્યું. દિવસે દિવસે લોકો તેમની કલ્યાણકારી શિક્ષા તરફ વળવા લાગ્યા. આથી એ જ અનુમાન કરવું ઉચિત છે કે વિમલ કૌંડિન્ય પ્રભૂત પારમિતાનો સ્વામી હોવાના કારણે યુવાન અવસ્થામાં પ્રવેશતાં જ સ્વતઃ ભગવાન તરફ આકર્ષિત થયો. તેમના ઉપદેશોથી પ્રભાવિત થઈ પોતાની વાત્સલ્યમયી માતા આમ્રપાલીને છોડીને ઘરથી બેઘર બની, માથું મુંડાવીને ભગવાન પાસે પ્રવ્રજિત થઈ ગયો. **- ક્રમશઃ ....**

**-કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

**-''ધારણ કરે તો ધર્મ'' પુસ્તકમાંથી સાભાર**

## ધમ્મકોટ નવા કેન્દ્રનું નિર્માણ

વર્તમાન ધમ્મકોટ કેન્દ્રની જગ્યા કેટલાય સમયથી ઓછી પડતી હોવાથી હાલમાં જ રંગપર ગામ ખાતે ૨૧ એકરની વિશાળ જગ્યામાં નવા કેન્દ્ર અને સંલગ્ન આવશ્યક સુવિધાઓનું નિર્માણ કરવાનું આયોજિત છે.

**નવા ધમ્મકોટ કેન્દ્રની વિશેષતાઓ નીચે મુજબ હશે :**

| | |
|---|---|
| ૧. સાધક–સાધિકાઓ માટે આવાસ | ૨૮૦ રૂમ |
| ૨. ધમ્મહોલ મોટા | ૩ |
| ૩. ધમ્મહોલ નાના | ૬ |
| ૪. શૂન્યાગાર | ૨૮૦ |
| ૫. ડાઇનિંગ હોલ | ૨ |
| ૬. આચાર્ય નિવાસ | ૮ |
| ૭. કાર્યાલય–ઓફિસ | ૧ |
| ૮. અતિથિ કક્ષ–ગેસ્ટ હાઉસ | ૬ |
| ૯. સ્ટાફ કવાર્ટર | ૧૦ |

**પ્રથમ ચરણમાં કરવામાં આવનાર કામોની વિગત નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૧. સાધક–સાધિકાઓ માટે આવાસ | ૧૦૦ રૂમ |
| ૨. ધમ્મહોલ | ૧ |
| ૩. શૂન્યાગાર | ૧૨૦ |
| ૪. ડાઇનિંગ હોલ | ૧ |
| ૫. આચાર્ય નિવાસ | ૪ |
| ૬. કાર્યાલય–ઓફિસ | ૧ |
| ૭. કમ્પાઉન્ડ વોલ | ૬૦૦૦ રનિંગ ફૂટ |

આપ જોઇ શકશો કે આગામી વર્ષોમાં અહીં ધર્મના પ્રસારનું કાર્ય મોટા પાયે થવા જઇ રહ્યું છે. કેટલાયે સાધકો અહીં સાધના કરીને ધર્મ પામશે. આ પુનીત કાર્યમાં, નિર્માણ ખર્ચમાં સહભાગી થઇને આપ પુણ્ય પારમીનું અર્જન કરી શકશો. દાનની રકમ બેંક ખાતામાં જમા કરાવવા માટે બેંક ખાતાની વિગત નીચે આપી છે.

**બેંક :** HDFC LTD. બેંક **શાખા :** યાજ્ઞિક રોડ
**ખાતાનંબર :** ૫૦૧૦૦૦૨૬૬૧૩૧૨૮ **ખાતુ :** સેવિંગ એકાઉન્ટ
**IFSC કોડ :** HDFC0000101 **MICR કોડ :** ૩૬૦૨૪૦૦૦૨

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૯-૨૦ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઇનિંગ હોલ,
પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય
૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
M : 78 78 72 72 40,
M : 93279 23540,
E-mail :
dhammakot@gmail.com

10-07 to 21-07
24-07 to 04-08
16-08 to 27-08
18-09 to 29-09
09-10 to 20-10
24-10 to 04-11

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
03-09 to 11-9-19

**10 Day Spl.**
01-09 to 12-09-19

**3 DAYS**
03-10 to 06-10-19

**1 DAY**
21-07-2019

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી
૧૫ કિ.મી., N.H. નં.–૮
બોરિયાચ ટોલનાકાથી 2km
પશ્ચિમે, **ગામ :** વગલવાડ,
તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 78784 60961,
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail :
info@ambika.dhamma.org

09-07 to 20-07-19
21-07 to 01-08-19
03-08 to 14-08-19
24-08 to 04-09-19
11-09 to 22-09-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
26-09 to 04-10-19

**10 Days Spl.**
24-09 to 05-10-19

**3 DAYS**
15-08 to 18-08-19

**20 DAYS**
17-12 to 07-01-20

**30 DAYS**
17-12 to 17-01-20

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કિટેક્ટ,
૨૦૪, આશીર્વાદ કોમ્પ્લેક્ષ,
લાકડા બજાર, માંડવી,
કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-223575,
M : 99745 75660
E-mail :
info@sindhu.dhamma.org

03-07 to 14-07-19
17-07 to 28-07-19
30-07 to 10-08-19
12-08 to 23-08-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
10-09 to 18-09-19

**10 Days Spl.**
03-07 to 14-07-19
27-11 to 08-12-19

**3 DAYS**
15-08 to 18-08-19

**20 DAYS**
25-09 to 16-10-19

**30 DAYS**
25-09 to 26-10-19

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના
કેન્દ્ર–ધમ્મપીઠ
અમદાવાદ
રનોડા તા. ધોળકા,
જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690,
M : 94264 19397
E-mail :
info@pitha.dhamma.org

02-07 to 13-07-19
21-08 to 01-09-19
19-09 to 29-09-19

**ફક્ત જૂના સાધકો માટે**

**30-Days-**15-07 to15-08
**STP-**15-10 to 23-10-19

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઇ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

16-07 to 27-07-19
13-09 to 24-09-19

**1-DAY**
21-04-2019

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ,
૭–અપના બજાર,
વિમલ સુપર માર્કેટ,
બી.કે. રોડ, મહેસાણા.
(ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800,
254634, 252345
M : 94292 33000.
E-mail :
info@divakara.dhamma.org

03-07 to 14-07-19
18-07 to 29-07-19
31-07 to 11-08-19
14-08 to 25-08-19
28-08 to 08-09-19
11-09 to 22-09-19
25-09 to 06-10-19
09-10 to 20-10-19

**ફક્ત જૂના સાધકો માટે**

**1 Day Spl.**
**Guru Purnima**
16-07-2019

**Teen.Girl**
12-11 to 20-11-19

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–
પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: <u>ધમ્મપાલી કેન્દ્ર :</u>**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**<u>સિટી ઓફીસ :</u>**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail :
dhammapali15@gmail.com

03-07 to 14-07
24-07 to 04-08
21-08 to 01-09
04-09 to 15-09
25-09 to 06-10
09-10 to 20-10

**ફક્ત જૂના સાધકો માટે**

**1 DAYS**
07-07-2019
04-08-2019
01-09-2019
06-10-2019
03-11-2019
01-12-2019

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઇઝ ફોટો અને ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

ચાહે તો ઠુકરા ચલો, ચાહે અંગ લગાવ ।
તીન લોક કી સંપદા, પડી તુમ્હારે પાંવ ॥

જિસકો નિજ સત્કર્મ પર, હૈ પૂરા વિશ્વાસ ।
ઉસકો દેવ ન બ્રહ્મ કી, નહીં ઈશ કી આસ ॥

દોનોં પાંખેં ખોલકર, ઉડ પંછી આકાશ ।
સ્વયં મુક્ત સ્વચ્છંદ હો, છોડ પરાયી આસ ॥

## દોહા ધરમના

માનવ તુઝ સા સ્વયંભૂ, ઔર ન પ્રાણી કોય ।
સ્વયં બાંધતા ગ્રન્થિયાં, સ્વયં મુક્ત ભી હોય ॥

જરા વ્યાધિ સે મૌત સે, લડે અકેલા એક ।
કોઇ સાથ ન દે સકે, પરિજન સ્વજન અનેક ॥

યદિ સુકર્મ દુષ્કર્મ પર, મેરા હી અધિકાર ।
તો ફિર દુર્ગતિ કા, અન્ય કૌન કરતાર ?

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 17 જૂન 2019** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20**
**(Renewed upto 31.12.2020)**

**Weighs less than 30 gms**
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org